ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૦૨ જૂન, ૨૦૨૪



# 2024ની ચૂંટણીમાં ભાજપાએ નવા ખાતા ખોલવાનો પ્રયાસ કર્યો તો વિવાદી રાજ્યોને છેટે રાખ્યા

## 400 પારના દાવાનું પરિણામ જલદી જ આર યા પાર થઇ જશે ત્યારે BJP માટે કયા રાજ્યોમાં પગદંડો જમાવવો અઘરો રહ્યો છે અને શા માટે તે જાણીએ

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

આ વતીકાલે જે થવાનું છે તેની દરેકને કાગડોળે પ્રતીક્ષા છે. આટલી ઉત્સુકતા તો હવે કોઇ બીજા પરિણામો માટે કોઇને પણ નથી હોતી. ગઇ ચૂંટણીમાં BJP ૩૦૩ બેઠકો પર જીતી અને NDA સાથે ગણતરી કરીએ તો 352 બેઠકો પર તેની જીત થઇ હતી. આ વખતે 400 પારનો દાવો સતત ગુંજ્યો છે. BJPએ પોતાનું નિશાન 370 બેઠકો પર રાખ્યું છે તો એનડીએ સાથે 400 બેઠકો પર જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. એક આખા વર્ગનું માનવું છે કે 400 પાર BJP માટે સરળ છે જ્યારે વિશ્લેષકો માને છે કે જે રાજ્યોના ગઢને ગઈ ચૂંટણીમાં BJPને જીતવો હતો પણ ધારી સફળતા ન મળી એવી જ રીતે આ વખતે પણ કેટલાક રાજ્યોમાં BJP માટે પોતાનો સિક્કો જમાવવો સહેલો નથી. જો કે આ વખતે BJPએ જ્યાં પોતાની પહોંચ કે પ્રભાવ નથી ત્યાં છવાઇ જવા માટેના કોઇ પ્રયત્નો બાકી નથી રાખ્યા.

બિહાર, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને મહારાષ્ટ્ર લોકસભાના પરિણામો ચોથી જૂને આવવાના છે અને આ ચારેયમાં BJPએ પકડ જમાવવા માટે પાછા ફરીને નથી જોયું. બીજા બધા રાજ્યોને બેઠકોમાં BJP કાં તો થોડી ઘણી પકડ ધરાવે છે અથવા તો ત્યાં પગદંડો જમાવી શકે એટલો પ્રભાવ ધરાવે છે અને ત્યાંના આંકડાથી આખરી પરિણામોમાં બહુ મોટું ગાબડું કે બહુ બધો ફાયદો થવાની શક્યતાઓ પાંખી છે. ખરી રસાકસી આ ચાર રાજ્યોમાં છે કારણકે અહીંના પરિણામ કઇ બાજુ વળાંક લેશે તે BJP માટે નિર્ણાયક સાબિત થાય એમ છે. જ્યારે BJP કોંગ્રેસ સાથે સીધે સીધી ઝીંક ઝીલે છે ત્યારે લડાઈમાં જીતવું મોટે ભાગે સહેલું રહે છે. જે રાજ્યોમાં BJPએ ત્યાંના, જે-તે રાજ્યના પ્રાદેશિક પક્ષો સામે લડવાનું હોય છે ત્યાં BJPને એડી ચોડીનું જોર લગાડવું પડ્યું છે. આ વખતે પણ નરેન્દ્ર મોદીએ પોતાની પ્રચાર કામગીરી દરમિયાન ઓડિશા, પશ્ચિમ બંગાળ અને ખાસ કરીને દક્ષિણના રાજ્યોમાં બધું જોર લગાડ્યું છે કારણકે અહીંના પ્રાદેશિક પક્ષોના ગઢના કાંગરા ખેરવવા BJP માટે સહેલું નથી. ઉત્તર પ્રદેશ સિવાય જોઈએ તો બિહાર, પશ્ચિમ બંગાળ, ઓડિશા, મહારાષ્ટ્ર અને દક્ષિણના અમુક રાજ્યોમાં ભાજપાએ પોતાનો સિક્કો જમાવવા પાછા ફરીને જોયું નથી.

સૌથી પહેલાં દક્ષિણી રાજ્યોની વાત કરીએ તો અહીંના પરિણામોને મામલે કોઇ નક્કર દાવો કરવો BJP માટે અશક્ય છે. કેરળની જ વાત કરીએ તો હજી સુધી BJPને લોકસભાની ચૂંટણીમાં અહીંથી એક બેઠક જીતવી પણ અઘરી રહી છે. એલડીએફ અને યુડીએફ જ અહીં મુખ્ય પ્રવાહ તરીકે દેખાયા છે અને તેમાં પોતાનો રસ્તો કરવા માટે BJPએ બધા પ્રયત્નો કર્યા હોવા છતા હજી સુધી ધાર્યું પરિણામ નથી મળ્યું. કેરળમાં BJPનું ખાતું ખુલ્યું નથી. એક એવું રાજ્ય જ્યાં સાક્ષરતાનું પરિણામ અન્ય રાજ્યોની સરખામણીએ ઘણું વધારે છે ત્યાંનું રાજકારણ BJPને હજી સુધી નથી કળ્યું. સીપીએમ અને કોંગ્રેસ કેરળમાં બીજા કોઇની કારી ફાવવા નથી દેતા અને બધા વોટ આ બંન્ને વચ્ચે વહેંચાઇ જાય છે અને BJP હાથ ઘસતી રહી જાય છે. કેરળના હિન્દુ વોટ BJPને મળતા નથી અને લઘુમતી ઉપર કોંગ્રેસનો પ્રભાવ છે. અહીંના હિન્દુ વોટ ડાબેરી પક્ષોને જતા હતા પણ વિધાનસભા ચૂંટણીઓમાં BJPએ હિન્દુ વોટનો પ્રભાવ પોતાની તરફ વાળ્યો છે પણ શું સબરીમાલાને મુદ્દે BJP તરફી વળેલા મતનો લાભ BJPને આ વખતે લોકસભાની ચૂંટણીમાં મળશે ખરો? કેરળના પાડોશી રાજ્ય તમિલનાડુમાં પ્રચાર કરવા નરેન્દ્ર મોદી દસથી વધારે વાર જઇ આવ્યા છે અને એ સાબિત કરે છે કે અહીં ખાતું ખુલે એ માટે BJP બેચેન છે. BJPનું હિંદુત્વ તમિલનાડુમાં ચાલે એમ નથી કારણકે અહીં ધર્મ નહીં પણ જાતિલક્ષી રાજકારણ ખેલાય છે. દક્ષિણી રાજ્યોને રિઝવવા માટે રામ મંદિરમાં પણ દક્ષિણનો ઘેરો પ્રભાવ રખાયો છે જેને વિશે આપણે અહીં પહેલાં પણ ચર્ચા કરી છે.

ઓડિશાના ચૂંટણી મેદાનમાં બીજુ જનતા દળ (બીજેડી) અને BJPએ શિંગડા ભેરવ્યા છે. બીજેડી સાથે હાથ મેળવવામાં તો BJP નિષ્ફળ રહી જ છે પણ મુખ્યમંત્રી નવીન પટનાયકના વિકલ્પ તરીકે રજૂ કરવા માટે BJP પાસે કોઇ ચહેરો નથી. BJPએ ઓડિશામાં પોતાની પકડ જમાવવા માટે કોંગ્રેસની વોટ બેંકને તોડી છે. કેન્દ્રમાં રહ્યે રહ્યે BJPએ પટનાયક સરકાર સાથે સારાસારી નથી રાખી એ પણ એક અવરોધ તો છે જ પણ ગરજ પડી ત્યારે પટનાયક સરકારની વાહવાહી કરનાર BJPની આશાઓ પર ઓડિશા મહેરબાન થાય છે કે કેમ તેની કોઇ ગેરંટી નથી. બીજેડી રાષ્ટ્રીય મુદ્દાઓમાં મોદી સરકારને ટેકો આપે છે પણ ઘર આંગણે બીજુ પટનાયક સામે મોદી કાર્ડ કેટલું ચાલશે એ કોયડો ઉકેલવો અઘરો છે. પટનાયકની તરફેણમાં ઓડિશાના મહિલા વોટરો મોટી સંખ્યામાં છે. બીજી તરફ ઓડિશામાં કોંગ્રેસની કોઇ ગણતરી નથી અને BJP પટનાયકની લોકપ્રિયતામાં ગાબડું પાડીને પોતાનો સિક્કો નહીં જમાવી શકે એ સ્વાભાવિક છે. આવામાં મુત્સદ્દી વલણથી પોતાની છાપ સારી રાખે તો કમસે કમ BJP ગણતરીમાં લેવાય એટલો ફાયદો કદાચ થાય એમ છે. ટૂંકમાં પટનાયક સરકારની લીટી ટૂંકી કરવાની દાનતથી BJPને ફાયદો થવાનો નથી.

પશ્ચિમ બંગાળ અને બિહારની 82 બેઠકો પરનો જંગ સૌથી રોચક રહ્યો હશે એમ કહી શકાય. આ રાજ્યોમાં છેલ્લા પાંચ વર્ષમા ED અને CBI જેવી તપાસ એજન્સીઓ ફરી વળી છે. મમતા બેનર્જીની સરકાર માટે છેલ્લા પાંચ વર્ષ અઘરા રહ્યા છે કારણકે તૃણમૂલના ધારાસભ્યો, નેતાઓ અને ડઝન જેટલાં નેતાઓ ભ્રષ્ટાચારીના લેબલ સાથે જેલભેગા કરાયા છે. સંદેશાખલીનો જાતીય સતામણીનો મામલો પણ મતતા બેનર્જીના પડકારોમાં વધારો કરનારો સાબિત થયો છે. મોદીએ પોતાની રેલીઓમાં આ બધા મુદ્દાઓને ભારે ચગાવ્યા છે. અહીં મોદી સામે ઝીંક ઝીલવા માટે કોંગ્રેસ અને ડાબેરી પક્ષો પણ એક નથી થઇ શક્યા. મમતા બેનર્જી માથાભારે છે અને તેમની પશ્ચિમ બંગાળ પરની પકડને જરાય હળવાશથી લેવાય એમ નથી છતાં પણ BJPની આ વખતની ઝૂંબેશમાં કોઇ કસર છોડવામાં નથી આવી. BJPએ અહીં ખાતું ખુલે એ માટે બનતા બધા પ્રયત્નો કર્યા છે અને મોદીએ તો એવો વિશ્વાસ જતાવ્યો છે કે BJPને અહીં સૌથી વધુ ફાયદો થાય તેમ છે. જો કે 2021ની વિધાનસભાની ચૂંટણી પછી સત્તા પર ફરી ગોઠવાયેલા દીદીને BJP ટસથી મસ નથી કરી શકી.

મહારાષ્ટ્રના રાજકારણમાં શિવસેના અને એનસીપીનું વિભાજન થતા રાજકીય સમીકરણો બલાઇ ગયા છે. અને ભાજપાને આ બંન્ને પક્ષોમાંથી જે બળૂકાં જૂથ છે તેનું જ સમર્થન મળ્યું છે પણ મહારાષ્ટ્રની અસ્પષ્ટતા પેચીદી છે. વળી ઉત્તર પ્રદેશમાં 30 બેઠકો પર ઈન્ડિયા ગઠબંધનના ઉમેદવારો સાથે એનડીએની લડત કસદાર રહેવાની છે.

જોવાનું એ છે કે BJPએ આ બધા રાજ્યોમાં ગોઠવાઇ જવા માટે કોઇ કસર નથી છોડી પણ BJP કાશ્મીરમાં ચૂંટણી નથી લડતો. 370ની કલમની મોટાભાગની જોગવાઇઓને 2019માં રદ કવામાં આવ્યા પછી ઘાટીમાં પહેલી ચૂંટણી છે. BJPના ‘નયા કાશ્મીર’ના નેરેટિવથી ત્યાંના લોકો બહુ પ્રભાવિત હોય એમ લાગતું નથી. BJP ઘાટીમાંની ત્રણ બેઠકમાંથી એકેય પરથી ચૂંટણી નથી લડી રહી. લદ્દાખને પણ BJP છંછેડતી નથી તો મેઘાલય, મણિપુર અને નાગાલેન્ડમાંમાં પણ BJPનો પોતાનો એકેય ઉમેદવાર નથી. જ્યાં સવાલોના જવાબ આપવા પડે ત્યાં કશું વતાવવું નહીં અને સમર્થક બની રહેવું એ BJPનો અભિગમ રહ્યો છે. આત્મવિશ્વાસ અને હુંકાર દેખાડવો એક વાત છે પણ સિફતથી સંવેદનશીલ રાજ્યોથી દૂર રહેવું, પ્રાદેશિક રાજકારણમાં રસ્તો બનાવવા સામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવવામાં ક્યાંક BJPના મનમાં રહેલી અસલામતી અને અચોકસાઇ ડોકિયું કરી જાય છે.

### બાય ધી વે

કોંગ્રેસે જ્યાં ઘુસી શકાય ત્યાં ઘુસવાનો પ્રયત્ન કર્યો જ છે. ક્યાંક પ્રયાસો મરણિયા રહ્યા છે તો ક્યાંક સલુકાઇથી કરાયા છે પણ બધે કારી ફાવી નથી એ ચોક્કસ. BJPને મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં પોતાના બળે બહુમતી નહીં મળે એમ કોંગ્રેસ દ્રઢપણે માને છે. વળી એનડીએમાંથી ઘણાં સાથીઓ છૂટા પડી ગયા છે. BJPનો સાથ છોડનારાઓ અંગે પક્ષનું કહેવું છે કે એની અસર BJPની પોતાની ગણતરી પર પડવાની નથી. પ્રાદેશિક પાર્ટીઓ સામે ટકવું BJP માટે મુશ્કેલ છે એ તો પાર્ટી અંદરખાને સારી પેઠે જાણે જ છે પણ થપ્પડ મારીને ગાલ લાલ ન રાખે તો રાજકારણી શાના? ખેલનું પરિણામ જલદી જ આપણી સામે હશે અને મતદારો દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી નાખશે ત્યારે દરેકને સમજાશે કે દાવા કરવા રાજકારણીઓનું કામ છે પણ એને સાચા પાડવાની તાકાત મતદારોના હાથમાં જ છે. મંદિરના મુદ્દાએ ખડો કરેલો જુવાળ શમી ગયો છે, દર વખતે ચૂંટણીમાં એકનાં એક ભાવનાત્મક મુદ્દાઓનું સરખું વળતર નથી મળી શકતું, તેમ જ 6 અઠવાડિયા ચાલેલો ચૂંટણી પ્રચાર, કાળઝાળ ગરમીમાં થયેલું મતદાન શાસક પક્ષને ફાયદો જ કરાવી જ આપશે એમ માની લેવાનું કોઇ કારણ નથી.

# હિન્દુત્વ એટલે હિંદુ સંસ્કૃતિનું સમૃદ્ધિકરણ



નો નોનસેન્સ
રમેશ ઓઝા

20 14માં નરેન્દ્ર મોદી BJPને 282 બેઠકો સાથે એકલા હાથે સત્તા સુધી પહોંચાડી શક્યા ત્યારે મને એક સંભાવના નજરે પડતી હતી કે જો સ્પષ્ટ બહુમતી સાથે BJP હિન્દુત્વ પ્લસ વિકાસલક્ષી શાસન (સબકા સાથ સબકા વિકાસ) પ્લસ સંસ્કારી તેમજ ગરિમાપૂર્ણ શાસન આપશે તો કમસેકમ 25 વરસ સુધી BJPનું રાજ નક્કી છે. નરેન્દ્ર મોદી પોતે ત્રણ મુદત મેળવીને જવાહરલાલ નેહરુની પંક્તિમાં સ્થાન મેળવી શકે અને પછી બીજી બે મુદત તેમના અનુગામીનું શાસન રહે. અત્યાર સુધી દેશની જનતાને પૂર્ણ બહુમતીવાળા હિંદુ શાસનનો અનુભવ નહોતો. કેટલાક સમાજશાસ્ત્રીઓ એમ માનતા હતા કે કોમી હુલ્લડો, રામમંદિર વગેરે એકલા હાથે સત્તા સુધી પહોંચવા માટેનાં સાધનો છે. એકવાર તેઓ સત્તા સુધી પહોંચી જશે એ પછી રાજકીય મજબૂરી તેમને મધ્યમમાર્ગે લઈ આવશે જે રીતે સામ્યવાદીઓની બાબતમાં બન્યું હતું. BJPને દક્ષીણમાં પહોંચવું છે, ઉદારમતવાદી સેક્યુલર નાગરિકોનો વિશ્વાસ સંપાદિત કરવાનો છે અને વિશ્વદેશોને પણ ખાતરી કરાવવાની છે કે હિન્દુત્વ કોમવાદી, પક્ષપાતી, અસંસ્કારી, માથાભારે અને લોકશાહી વિરોધી નથી. હિન્દુત્વ એટલે હિંદુ સંસ્કૃતિનું સમૃદ્ધિકરણ, કારણ કે ભારતીય સંસ્કૃતિનો પાયાનો પત્થર હિંદુ સંસ્કૃતિ છે. હિન્દુત્વવાદીઓને મન હિન્દુત્વ એ જ ભારતીયત્વ અને હિંદુ સાંસ્કૃતિક સમૃદ્ધિકરણ એ જ ભારતીય સાંસ્કૃતિક સમૃદ્ધિકરણ.

આમ જ થશે એની ખાતરી નહોતી, પણ સંભાવના લાગતી હતી. ખાતરી નહીં હોવાનું કારણ એ કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ક્યારેય તેના હિંદુ રાષ્ટ્રની વિભાવના કે રૂપરેખા ચોખ્ખા શબ્દોમાં લખીને દેશ સમક્ષ રજૂ નથી કરી. સો વરસમાં ક્યારેય નહીં. ક્યારેક આમ બોલે અને ક્યારેક તેમ બોલે. તેઓ જ્યારે ભેદભાવરહિત, લોકતાંત્રિક પણ હિંદુ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની વાત કરતા ત્યારે ઉપર કહી એવી સંભાવના નજરે પડતી હતી, પરંતુ એ સાથે જ તેઓ પક્ષપાતયુક્ત અને હિન્દુસ્તાનમેં રેહના હો તો ... એવી દાદાગીરીની ભાષામાં પણ બોલતા હતા એટલે ખાતરી નહોતી. આ સિવાય સીતારામ ગોયલ, રામ સ્વરૂપ, ગીરીલાલ જૈન, એક સમયે અરુણ શૌરી જેવા વૉઈસ ઑફ ઈન્ડિયા જૂથના કેટલાક વિદ્વાનો સંઘ અને હિન્દુત્વવાદીઓની મદદમાં ઉતર્યા હતા અને તેઓ એમ સમજાવવાનો પ્રયાસ કરતા હતા કે હિંદુ રાષ્ટ્રવાદ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ છે અને તે સેક્યુલરિઝમ અને લોકશાહી વિરોધી નથી. ઉલટું કોંગ્રેસનું અને બીજા કેટલાક પક્ષોનું મુસલમાનોનું તુષ્ટિકરણ કરનારું રાજકારણ સેક્યુલરિઝમની વિરુદ્ધ છે અને એ રીતે કોમવાદને પુષ્ટિ આપનારું છે. આ સિવાય હિંદુ હોવા માટે ગર્વ લેનારા પણ બીજાનો દ્વેષ નહીં કરનારા અનેક હિંદુઓ હતા જે એમ માનતા હતા કે અવિરોધી હિંદુ હોઈ શકે છે અને જો અવિરોધી હિંદુ હોઈ શકે તો અવિરોધી હિંદુ રાષ્ટ્ર શા માટે ન હોઈ શકે?

ટૂંકમાં ત્રણ કારણે સભાવના નજરે પડતી હતી. એક તો એ કે સંપૂર્ણ બહુમતી સાથે BJP સત્તામાં આવશે એ પછી શાસનમાં ટકી રહેવા માટે વ્યવહારુ માર્ગ અપનાવશે અને મધ્યમમાર્ગે આવી જશે. લોકશાહીની આ ખૂબી છે.

બીજું, સંઘ/BJPના નેતાઓ સમયે સમયે વિશ્વાસ કરવાનું મન થાય એવી ડાહીડાહી વાતો કરતા હતા અને ત્રીજું કારણ એ કે આમ તો સંઘની બહારના કેટલાક સંઘમિત્ર વિદ્વાનો સંઘ વતી સધિયારો આપતા હતા. આમ તેઓ સ્વતંત્ર રીતે કરતા હતા કે સંઘ વતી એ આપણે જાણતા નથી અને ક્યારેય જાણી શકવાના પણ નથી. સીતારામ ગોયલ, રામ સ્વરૂપ અને ગીરીલાલ જૈન હયાત નથી અને અરુણ શૌરી આ વિષે બોલે એમ લાગતું નથી. તો 2014માં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં BJPને સ્પષ્ટ બહુમતી મળી અને કેન્દ્રમાં એકલા હાથે સરકાર રચી ત્યારે એવી એક સંભાવના નજરે પડતી હતી કે કદાચ નવા શાસકો હિન્દુત્વ પ્લસ સબકા સાથ સબકા વિકાસવાળું વિકાસલક્ષી શાસન પ્લસ માણસાઈવાળું ગરિમાયુક્ત શાસનનો માર્ગ સ્વીકારશે. અને જો તેમ બનશે તો 25 વરસ તેઓ સહેજે શાસન કરી શકશે. BJP ખરા અર્થમાં રાષ્ટ્રીય પક્ષ બની જશે. પશ્ચિમના લોકશાહી દેશોમાં આવું બન્યું છે. ત્યાનાં એક સમયના ઝનૂની જમણેરી પક્ષો જમણેરી રહીને પણ સેક્યુલર ડેમોક્રેટિક પક્ષ તરીકે રાજકારણ કરે છે અને તેમાં કોઈ પ્રજા ભય નથી અનુભવતી. એમાં વળી BJP પાસે તો કાર્યકર્તાઓની ફોજ છે, જ્યારે કોંગ્રેસ નેતાઓની પાર્ટી છે, એટલે BJPની ઈનિંગ લાંબી નીવડી શકે છે.

પરંતુ આમ બન્યું નહીં. ઉલટું તેનાથી વિરુદ્ધ દિશાનું શાસન મળ્યું. જે વાતનો ડર હતો એ સાચો સાબિત થયો. ઉપર ગણાવ્યા એવા સંઘમિત્ર વિદ્વાનોમાંથી એકમાત્ર અરુણ શૌરી આજે હયાત છે અને તેઓ નરેન્દ્ર મોદીના શાસનની આકરી નિંદા કરી રહ્યા છે. મને ખાતરી છે કે રામ સ્વરૂપ, સીતારામ ગોયલ અને ગીરીલાલ જૈન આજે હયાત હોત તો તેઓ પણ ટીકા કરતા હોત. જે લોકો વૉઈસ ઑફ ઈન્ડિયા જૂથની લાઈન અપનાવીને અખબારોમાં કે સામયિકોમાં લખતા હતા એ લોકો મૂંગા થઈ ગયા છે અને લજવાય છે.

પણ લાખ રૂપિયાનો સવાલ એ છે કે નરેન્દ્ર મોદીએ અને તેમની સરકારે જે માર્ગ અપનાવ્યો, જે આર્થિક નીતિ અપનાવી, જે રાજકીય શૈલી અપનાવી, જે રાજકીય સભ્યતા અને સંસ્કૃતિ અપનાવી એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને કબૂલ છે? જો નાકબૂલ હોય તો કોઈ બોલતું કેમ નથી? કે પછી બોલતા ગભરાય છે? સો વરસની તપશ્ચર્યા પર પાણી ફરી રહ્યું છે, પણ ડરના માર્યા ચૂપ છે એમ સમજવાનું? કે પછી તેમને આવું જ શાસન કબુલ છે? હિંદુ રાષ્ટ્ર એટલે હિંદુઓનું માથાભારેપણું. સંસ્કાર, માનમર્યાદા, સભ્યતા અને માણસાઈની ઐસીતૈસી. આ સિવાય ચીતરી ચડે એ રીતની આત્મઘેલછા. હિંદુ ધર્મ મહાન, હિંદુઓ મહાન, ભારત દેશ મહાન, આપણો ઈતિહાસ મહાન, ભારતનું ભવિષ્ય મહાન જેવી વાતો કરવાની અને વર્તમાનમાં કશું જ નક્કર કરવાની જગ્યાએ મહાનતાના તાયફાઓ યોજવાના. વિકાસના નામે ભાઈબંધોનો વિકાસ કરવાનો અને તેમના વિકાસનું જે વળતર મળે એમાંથી અનુકૂળતા ખરીદવાની અને વિરોધીઓને કચડી નાખવાના. ધોરણસરનું શાસન કરવાની જગ્યાએ ઈવેન્ટો યોજવાની અને ચૂંટણીઓ લડવાની. ભારતના ઈતિહાસમાં નરેન્દ્ર મોદી એવા પહેલા વડા પ્રધાન છે જે દસ વરસથી 365 દિવસ અને ચોવીસે કલાક ચૂંટણી જ લડે છે અને ચૂંટણી જીતવા માટે નરેન્દ્ર મોદી પોતાનું વજન (વગ) માપ્યા કરે છે. સત્તાની ભૂખ તેમને ભયમાં રાખે છે. ભયના કારણે તેઓ સભ્યતા અને મર્યાદા સાથે બાંધછોડ કરે છે અને વધારે દુશ્મનો પેદા કરે છે. વધારે દુશ્મનો વધારે ભય પેદા કરે છે અને વધારે ભય સત્તાની ભૂખ પેદા કરે છે. અત્યારે સત્તા તેમના માટે લોકકલ્યાણનું સાધન બનવાની જગ્યાએ સ્વરક્ષાની ઢાલ બની ગઈ છે.

આના માટે, આવા “મહાન” હિંદુ રાષ્ટ્ર માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સો વરસ ખર્ચ્યાં? કાં તો તેઓ સહન કરે છે અથવા તેમને આ જ અભિપ્રેત હતું. પણ કલ્પના કરો કે ભેદભાવરહિત અને વિકાસલક્ષી, માણસાઈયુક્ત અથવા માનવીય, અને એ સાથે જ હિંદુઅસ્મિતા માટે ગર્વ ધરાવનાર અને તેને સમૃદ્ધ કરનાર હિંદુ શાસનનો માર્ગ અપનાવ્યો હોત તો? તો પ્રારંભમાં કહ્યું તેમ 25 વરસ તેઓ સહેજે શાસન કરી શકત. હસતા હસતા, પ્રેમથી અને મુસલમાનોના પણ મત મેળવીને. સો ટકા આમ બનવાનું હતું. પણ તેની જગ્યાએ આજે શું જોવા મળે છે? 60% ભારત નફરત કરે છે, નિંદા કરે છે,

તિરસ્કારે છે અને તેને માટેનાં તમામ કારણો તેમણે પોતે જ આપ્યાં છે. ચૂંટણી પલટાઈ ગઈ છે અને હારવાનો ડર લાગે છે. ખબર નથી, BJPનો પરાજય થશે કે નહીં, પણ સવાલ તો છે સો વરસનો થવા આવેલ સંઘ માટે. આને માટે સો વરસનું તપ કર્યું હતું? તેઓ હિંદુઓનાં કલ્યાણ માટે હિંદુઓને સંગઠિત કરતા હતા કે તેમને અસંસ્કારી અને માથાભારે બનાવવા માટે? સો વરસની ઉમંરે પહોંચેલા સંઘની દયા આવે છે.

**2014માં નરેન્દ્ર મોદી BJPને 282 બેઠકો સાથે એકલા હાથે સત્તા સુધી પહોંચાડી શક્યા ત્યારે મને એક સંભાવના નજરે પડતી હતી કે જો સ્પષ્ટ બહુમતી સાથે BJP હિન્દુત્વ પ્લસ વિકાસલક્ષી શાસન (સબકા સાથ સબકા વિકાસ) પ્લસ સંસ્કારી તેમજ ગરિમાપૂર્ણ શાસન આપશે તો કમસેકમ 25 વરસ સુધી BJPનું રાજ નક્કી છે**